

# આદર્શ શિક્ષણ અને શિક્ષક : સમાજની દૃષ્ટિએ"

ડૉ.ભાનુભાઇ એમ.પટેલ
સંસ્કૃત વિભાગ
ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

તૈતિરીય ઉપનિષદમાં **मातृदेवो भव, पितृदेवो भव** ની સાથે **आचार्य देवो भव** કહીને ગુરુનું મહત્વ માતા-પિતાની સમાન ગણાવ્યું છે. એટલું જ નહીં અનેક જગ્યાએ **गुरु साक्षात परब्रह्म** કહીને તેની સર્વોપરિતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આચાર્યની તુલના બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ સાથે કરવામાં આવે છે. ચાણકયે પણ કહ્યું છે કે, શિક્ષક કયારેય સાધારણ નથી હોતો. પ્રલય અને નિર્માણ તેના ખોળામાં ઉછરે છે. આપણે જાણીએ છીએ કે બાળકને જન્મ આપી પાલન પોષણનું કાર્ય માતા-પિતા કરે છે. પરંતુ તેને સંસ્કારવાન બનાવી, સુસભ્ય નાગરિક બનાવવાની જવાબદારી આચાર્ય (ગુરુ)ની છે. આવા મહાન ઉત્તરદાયિત્વને લીધે જ ગુરુ મનુષ્ય સમાજનો દેવતા છે. એટલે જ ગુરુને માતા-પિતાની સાથે મૂકી ત્રિદેવની ઉપમા આપવામાં આવી છે. શિક્ષકનું કાર્ય શિક્ષણ આપવાનું છે. કોને શિક્ષણ આપવાનું છે ? તો મનુષ્યોને શિક્ષણ આપવાનું છે. કેમ શિક્ષણ આપવાનું છે ? કેવું શિક્ષણ આપવાનું છે ? શિક્ષણ શું છે ? શિક્ષણનું લક્ષ્ય શું છે ? શું હોવું જોઇએ ? શિક્ષક શું છે ? તે કેવો હોવો જોઇએ ? તેનામાં કેવા ગુણો આવશ્યક છે? શિક્ષક પાસે સમાજને કેવા શિક્ષણની અપેક્ષા છે ? આ બધાનો વિચાર કરીશું તો સમગ્ર વિષયને સમજવો સરળ થશે.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે સમાજથી અલગ રહી શકતો નથી. પરંતું તેને બીજા લોકોની સાથે સમાજમાં રહેવા માટે તેને પોતાનાં કર્તવ્યોના નિર્વાહ કરવા અર્થે આત્મસંયમની મહત્તાનો સ્વીકાર કરવો પડે છે. જે પ્રવૃત્તિ સાથે તે જન્મ લે છે, માત્ર તેના માધ્યમથી જ તે પોતાનાં કર્તવ્યોનું નિર્વહન કરી શકતો નથી તેથી પોતાની નિમ્નવિષયાભિમુખ પ્રવૃત્તિઓ ઉપર સંયમ રાખી ઉચ્ચ આદર્શોનું અનુપાલન કરવાથી જ વ્યકિતની તથા સમાજની પ્રગતિ એક સાથે થઇ શકે છે. પૂર્ણતાની પ્રાપ્તિ વ્યકિતગત જીવનનું લક્ષ્ય છે. અને શિક્ષણનો ઉદ્દેશ પણ પૂર્ણતાની પ્રાપ્તિ અર્થાત્ આદર્શ વ્યકિતનું નિર્માણ જ છે. કારણ કે સારા સમાજનું નિર્માણ સારા વ્યકિતઓ દ્વારા જ થતું હોય છે

શિક્ષણ શબ્દનો ઉડાણથી વિચાર કરવાથી એ સ્પષ્ટ થાય છે કે શિક્ષણ એવી પ્રક્રિયા છે કે જેના આશ્રયથી આદર્શ માનવનું નિર્માણ થાય છે. શિક્ષણનું લક્ષ્ય વ્યકિતત્વનો વિકાસ માનવામાં આવે છે. આપણે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે શિક્ષણ વ્યકિતનું થાય છે. જે શિક્ષણથી વ્યકિતત્વનો પૂર્ણ વિકાસ ન થાય તે નિરર્થક છે. શરીર અને મન બંનેનો પૂર્ણ વિકાસ જરૂરી છે. વ્યકિતત્વના વિકાસમાં સંયમ, ત્યાગ અનિવાર્ય તત્વો છે. શિક્ષક અને શિક્ષણ સંબંધી ભારતીય અને પાશ્ચાત્ય તત્વચિંતકો, શિક્ષણશાસ્ત્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે. તેમાંના કેટલાકના વિચારો પ્રસ્તુત કરવા ગમશે.

ગાંધીજીના મતે સાચું શિક્ષણ તે છે કે જેના માધ્યમથી બાળકોની આધ્યાત્મિક, બૌધ્ધિક તથા શારીરિક શકિતઓનો વિકાસ થાય તેમજ તેના દ્વારા બૌધ્ધિક, શારીરિક અને આધ્યાત્મિક શકિતઓની પ્રેરણા મળે છે. મહાત્માને મતે માત્ર સાક્ષરતા એ જ શિક્ષણ છે એવું નથી. તેમને મતે તો સાક્ષરતા એ તો શિક્ષણનો પ્રારંભ પણ નથી. તે તો એવા અનેક સાધનોમાંથી એક એવું સાધન છે કે જેના દ્વારા સ્ત્રીઓ અને પુરુષોને શિક્ષણ આપી શકાય છે. તેઓ માને છે કે શારીરિક ઇન્દ્રિયોના ઉચિત અભ્યાસ અને તેમના સંયમથી બુધ્ધિને સાચું શિક્ષણ પ્રાપ્ત થાય

છે. હાથ, પગ, આંખ, નાક, કાન વગેરે ઇન્દ્રિયો દ્વારા બુધ્ધિનો સાચો વિકાસ થાય છે પરંતું શિક્ષણનું લક્ષ્ય માત્ર મનના વિકાસનું જ નથી હોતું, મનની સાથે સાથે આત્માને પણ જાગૃત કરવો જરૂરી છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા હૃદયને પણ શિક્ષિત કરવું એ શિક્ષણનું કાર્ય છે.

ગાંધીજીએ શિક્ષણના ક્ષેત્રમા મનુષ્યના બાહ્ય અને આંતરિક આચરણની સફળતા પર વધારે ભાર મૂકયો છે. શિક્ષકનું બાહ્ય અને આંતરિક બંને પ્રકારનું ચરિત્ર એક સમાન હોવું જોઇએ. તેઓ એવા શિક્ષકને પસંદ નથી કરતા કે જેની જિહ્વામાં કોઇ એક વાત હોય અને હૃદયમાં બીજી વાત રાખતો હોય. શિક્ષકના જ જીવન અને ચરિત્ર ઉપર મનુષ્યનો આધ્યાત્મિક વિકાસ નિર્ભર હોય છે.

રવિન્દ્રનાથ ટાગોર પ્રકૃતિ અને આધ્યાત્મિક શિક્ષણના હિમાયતી છે. તેમને મતે મનુષ્યનાં વ્યકિતત્વનો વિકાસ પ્રકૃતિ સાથે નિરંતર સંપર્ક દ્વારા થાય છે. પ્રકૃતિ સંપર્કથી વ્યકિતની અંદર છુપેલી સર્જનાત્મક શકિતનો વિકાસ થવો જોઇએ. શિક્ષણનો આ આદર્શ શાશ્વત છે. અને તે પ્રત્યેક યુગમાં પ્રાસંગિક છે.

શિક્ષણમાં ચરિત્ર નિર્માણ બાબતમાં રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે, ‘શિક્ષણની બાબતમાં એક મહાન સત્ય અમે શિખ્યા હતા. અમે એ જાયું હતું કે મનુષ્ય પાસેથી જ મનુષ્ય શીખી શકે છે. જેવી રીતે જળથી જ જળાશય ભરાય છે, દીપકથી જ દીપક જળે છે તે રીતે પ્રાણથી પ્રાણ સચેત થાય છે. ચરિત્રને જોઇને ચરિત્ર બને છે. ગુરુના સંપર્ક-સાનિધ્ય તેમના જીવનમાંથી પ્રેરણા લઇને મનુષ્ય મનુષ્ય બને છે.’ રવિન્દ્રનાથ શિક્ષકના ચારિત્ર્ય, આચરણ, વ્યવહાર ઉપર ભાર મૂકે છે.

શ્રીરામ શર્મા આચાર્ય નોંધે છે કે, ‘શિક્ષણનો સૌથી વધારે ઉપયોગ એ વાતમાં નિહિત છે કે તેના માધ્યમથી માત્ર તથ્યોનો સંગ્રહ ન કરતાં મનુષ્ય શું છે ? તેની જાણકારી પ્રાપ્ત કરવાનો છે. માત્ર બુધ્ધિની ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવો એ જ મનુષ્યનું કર્તવ્ય નથી, પરંતુ તેણે એ જાણવા માટે પણ હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઇયે કે મનુષ્યનું વ્યક્તિત્વ શું છે ? તેની અભિવ્યકિત કેવળ વિજ્ઞાનમાં જ નહીં પરંતુ કલા, સાહિત્ય, સંસ્કૃતિ, દર્શન, ધર્મ, નીતિ વગેરેમાં પણ હોવી જોઇએ . વિજ્ઞાન એ તો તથ્યોનો સંગ્રહ માત્ર છે . પરંતુ કલા, સાહિત્ય, સંસ્કૃતિ, દર્શન, ધર્મ, નીતિ વગેરેમાં વ્યકિતત્વ ની અભિવ્યકિત થતી હોય છે . સાચું શિક્ષણ એ છે કે જેમાં તેવું બતાવવામાં આવે છે કે સત્ય એક જ છે. તેની અભિવ્યકિતઓ ભલે જુદી જુદી રીતે થતી હોય.’

પ્લેટોના શિક્ષણ સંબંધી આદર્શવાદનો આધાર દર્શન છે . તેઓ મનુષ્યનાં વ્યક્તિત્વના બે પક્ષ દર્શાવે છે. એક શારીરિક પક્ષ અને બીજો આંતરિક પક્ષ . જેમ શરીરને ભોજન કે અન્નની જરૂર છે તેમ આત્માને પણ તેના પોષણની જરૂર છે . તેથી પ્લેટોને મતે શિક્ષણ જીવન પર્યન્ત ગ્રહણ કરી શકાય છે . તેઓ શિક્ષણની પરિભાષાને સમજાવતા કહે છે કે, ‘શિક્ષણ એ આત્માના વાતાવરણ તરફની પ્રતિક્રિયા છે. આ પ્રતિક્રિયા આજીવન ચાલી શકે છે . વાતાવરણ ઉપર નિરંતર આત્માની પ્રતિક્રિયા ચાલુ રહેવાથી નવી નવી પ્રેરણાઓ મળતી રહે છે અને નવા નવા અનુભવોનાં ફળ સ્વરૂ પે વ્યકિતત્વમાં પરિવર્તન અને વિનાશ થતો રહે છે . પરિવર્તનના રૂપમાં તેની આ સર્જનાત્મક સંભાવનાઓ અને ઉત્તરોત્તર વિકાસની પ્રતિક્રિયાઓને શિક્ષણ કહેવામાં આવે છે .’ તેથી શિક્ષણની બાબતમાં કોઇ નિશ્ચિત સમય કે સમયગાળો નકકી કરી શકાય નહીં. તેમને મતે શિક્ષણ આજીવન ગ્રહણ કરી શકાય છે.

સ્વામી વિવેકાનંદે શિક્ષણ સંબંધી ભારતીય દૃષ્ટિકોણનું ખૂબ જ સરસ વિવેચન કર્યું છે . તેઓ શિક્ષણની વ્યાખ્યા કરતાં કહે છે કે , ‘શિક્ષણનો અર્થ છે તે પૂર્ણતાને વ્યકત કરવો જે બધા મનુષ્યોમાં પહેલેથી જ વિદ્યમાન છે .’ શિક્ષણ એ માત્ર રોજગારી મેળવવાનું સાધન નથી, પણ વ્યકિતના સંપૂર્ણ વિકાસ માટે છે . તે મનુષ્યના સંપૂર્ણ વ્યકિતત્વને વિકસિત કરે છે . જે શિક્ષણ માત્ર રોજી રોટી પુરતું પ્રયો જન જ

પૂરું કરે છે અને જીવનનાં અન્ય અંગોને સ્પર્શ નથી કરતું તેને સ્વામી વિવેકાનંદ શિક્ષણ માનતા નથી . તેઓ કહે છે કે, 'જે શિક્ષણ સાધારણ વ્યકિતને જીવન સંગ્રામમાં સમર્થ નથી બનાવી શકતું , જે શિક્ષણમાં ચરિત્રબળ, પરહિતભાવના તથા સિંહની સમાન સાહસ નથી લાવી શકતું તે શિક્ષણ છે જ નહીં .' તેઓ માને છે કે , 'જે શિક્ષણથી મનુષ્ય જીવનમાં પોતાના પગ પર ઉભો થઇ જાય છે તે જ સાચું શિક્ષણ છે.' આજીવિકા તો મનુષ્ય જીવનની એક નાનકડી જરૂરિયાત છે. અભણ કે અનપઢ વ્યકિત પણ પોતાની રોજી-રોટી આરામથી કમાઇ લે છે. મોટે ભાગે શિક્ષિત વ્યકિતની અપેક્ષાએ વધારે સારી રીતે કમાઇ લે છે . તેથી જીવન ઉપાર્જન માટે નોકરી મેળવવા કોઇ ડિગ્રી પ્રાપ્ત કરવી તેને શિક્ષણ ન કહી શકાય . શિક્ષણનો શિક્ષણનો મૂળ ઉદ્દેશ તો મનુષ્યના ચરિત્ર અને વ્યકિતત્વનું ગઢન છે , જેનાથી ચરિત્ર નિર્માણ થાય , મનુષ્યની માનસિક શકિત વધે, તેની બુધ્ધિ વિકસિત થાય અને મનુષ્ય પોતાના પગ પર ઉભો થતાં શીખે '

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ને મતે શિક્ષણ એ માનવ નિર્માણકારી છે . તેનું કામ માત્ર કુશળ કારીગરો અને તજજ્ઞો જ નહીં , પણ સભ્ય માનવનું નિર્માણ કરવાનું છે . તેમને મતે શિક્ષણનું ધ્યેય ચારિત્ર્ય ઘડતરનું હોવું જોઇએ . ચારિત્ર્ય વિનાનું શિક્ષણ નકામું છે . ચારિત્ર્ય ઉપર જ રાષ્ટ્રીયત્વનો આધાર છે. ઉમદા ચારિત્ર્યની ગેર હાજરીમાં કોઇપણ રાષ્ટ્ર મહાન બની શકે નહીં . તેથી અણીશુધ્ધ ચારિત્ર્યવાન સ્ત્રી-પુરૂષોની તાલીમ શિક્ષણના માધ્યમથી થવી જોઇએ.

શ્રી અરવિંદ ઘોષને મતે માનવમાં જે જે વસ્તુ રહેલી છે તે બધીને પૂરે પૂરી બહાર લઇ આવવામાં મદદ કરતી હોય અને માનવજીવનમાં પૂર્ણ હેતુ તથા વિકાસને સિધ્ધ કરવા માટે એ વસ્તુ તૈયાર કરતી હોય એ જ માત્ર સાચી અને જીવંત કેળવણી છે . શ્રી અરવિંદનો ખ્યાલ સવિશેષ નૈતિક શિક્ષણનો છે.

ઉપરોકત ચિંતકો-વિચારકોના ચિંતનને આધારે એટલું તો ચોકકસ કહી શકાય કે , શિક્ષણનું ધ્યેય માનવ વ્યકિતત્વના સર્વાંગી વિકાસનું છે. તેની શકિતઓને ખિલવવામાં સહાયક બનવાનું છે. તેને સુસભ્ય નાગરિક બનાવવાનું છે. હવે પ્રશ્ન એ થાય છે કે, શિક્ષણકાર્ય કરવાનું કોની સાથે છે ? તો વિદ્યાર્થીઓ સાથે કરવાનું છે. આ કાર્ય કોણે કરવાનું છે ? તો શિક્ષક-અધ્યાપકે કરવાનું છે. તે કેવો હોવો જોઇએ ? વર્તમાનમાં તેની શું સ્થિતિ છે ? સમાજ તેની પાસે કેવા ગુણોની અપેક્ષા રાખે છે ? આ બધી બાબતોની વિચારણા જરૂરી છે.

શિક્ષણના બે પક્ષ છે . એક કૌશલ્યનો વિકાસ અને બીજો વ્યકિતત્વનો પરિસ્કાર . કૌશલ્યના વિકાસમાં તો કોઇપણ પ્રશિક્ષિત અને પ્રતિભાશાળી શિક્ષક -અધ્યાપક સફળ થઇ શકે છે . પરંતું તેનો બીજો પક્ષ અઘરો છે . જેમાં વિદ્યાર્થીને સદ્ગુણી અને સુસંસ્કારી બનાવવાનો છે . વિદ્યાર્થીઓમાં શાલીનતા , સજ્જનતા, શ્રમશીલતા, જવાબદારી, બહાદુરી, ઇમાનદારી અને સમજદારી જેવી સત્પ્રવૃત્તિઓને વિકસિત કરવી જરૂરી છે જે શિક્ષક-અધ્યાપક આ કરી શકે છે તે સમગ્ર સમાજને પોતાનો ઋણી બનાવી શકે છે.

સંસ્કૃતમાં શિક્ષકને આચાર્ય કહેવામાં આવે છે . આચાર્યનો અર્થ **अचिनोति अर्थान। अचिरति। आचारं कारयति।** જે બધા વિષયોનું અધ્યયન કરે છે, જાતે આચરણ કરે છે અને બીજા પાસે આચરણ કરાવે છે, તે આચાર્ય છે.

વિનોબા ભાવે પોતાના પુસ્તકમાં આચાર્યના (શિક્ષકના) ગુણોની ચર્ચા કરે છે . તેઓ શિક્ષક-અધ્યાપકના મુખ્ય ત્રણ લક્ષણો દર્શાવે છે. એક શીલવાન, બીજુ પ્રજ્ઞાવાન અને ત્રીજુ કરુણાવાન . તેમને મતે શીલવાન સાધુ હોય છે . પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે અને કરુણાવાન મા હોય છે . શિક્ષક-અધ્યાપક સાધુ, જ્ઞાની અને મા ત્રણેય હોય છે . માટે શિક્ષકમાં સૌથી પહેલાં તો વિદ્યાર્થીઓ માટે પ્રેમ જોઇએ, વાત્સલ્ય જોઇએ અનુરાગ જોઇએ. શિક્ષકને માટે 'શિષ્યદેવો ભવ' શિષ્ય જ એનો દેવ છે. વિદ્યાર્થીઓ એને માટે પ્રભુની મૂર્તિ છે.

શિક્ષકમાં બીજો ગુણ એ જોઇએ કે તે નિત્ય અધ્યયનશીલ હોય . રોજ તેનું નવું-નવું અધ્યયન ચાલતું જ રહે અને પોતાના જ્ઞાનમાં કાયમ વૃધ્ધિ થતી રહે. શિક્ષક પોતે શિક્ષક પણ છે અને વિદ્યાર્થી પણ છે . તે કાયમ વિદ્યાર્થીને શીખવતો રહે છે અને પોતે શીખતો રહે છે . જે શીખતો રહે છે તે જ શીખવી શકે છે . શિક્ષક વિદ્યાર્થીનો ઉત્તમ સલાહકાર બનવો જોઇએ . કોઇ પણ મુસિબતમાં વિદ્યાર્થી તેને પોતાનો આપ્તજન માનીને સલાહ માર્ગદર્શન લેવા ઇચ્છે અને લઇ શકે , એવું થવું જોઇએ. શિક્ષક વિદ્યાર્થી પરાયણ હોય, વિદ્યાર્થી શિક્ષક પરાયણ હોય, બંને જ્ઞાન પરાયણ હોય અને બંનેનું જ્ઞાન સેવાપરાયણ હોય તેવું થવું જોઇએ . શિક્ષકમાં વાત્સલ્ય હોય અને જ્ઞાન ન હોય , તો તે માતૃવત્ બની શકશે પણ ગુરુ નહીં બની શકે . અને જો પ્રેમ-વાત્સલ્ય નહીં હોય, પણ જ્ઞાન હશે, તો તે વિચારક કે તત્વજ્ઞાની બની શકશે , સારો શિક્ષક નહીં. એટલે શિક્ષકમાં બંને જોઇએ.

સંસ્કૃત કવિ કાલિદાસ 'માલવિકાગ્નિમિત્રમ્'માં ત્રણ પ્રકારના શિક્ષકની વાત કરે છે . 'માલવિકાગ્નિમિત્રમ્' નાટકમાં નાટ્યાચાર્ય ગણદત્ત અને હરદત્તના કલહ પ્રસંગે કવિ પરિવ્રાજિકા (જજ) ના માધ્યમથી ત્રણ પ્રકારના શિક્ષકનું વર્ણન કરે છે.

**शिष्टा क्रिया कस्यचिदात्मसंस्था संक्रान्तिरन्यस्य विशेषयुच्छश्रक्ता।**

**यस्योभयं साधु स शिक्षकाणां धुरि प्रतिष्ठापयितव्य एव ।।**

કોઇ સ્વયં અભિનય કરે ત્યારે યોગ્ય લાગે છે અને કોઇની શીખવવાની ક્રિયા વિશેષતાવાળી હોય છે . જેની બંને (ક્રિયા) સારી છે, તેને જ શિક્ષકોમાં મૂર્ધન્ય સ્થાન આપવું જોઇએ.

અર્થાત્ શિક્ષકો ત્રણ પ્રકારના હોય છે. એક તો પોતે જ્ઞાની હોય છે, પણ બીજાનામાં એ જ્ઞાન સારી રીતે સંક્રાન્ત કરી શકતા નથી. બીજા એવા શિક્ષકો હોય છે કે જે પોતે જ્ઞાની નથી પરંતું પોતે વાંચેલી માહિતી કે અન્ય બાબત વિદ્યાર્થીને પોતાની વાક્છટા થી સારી રીતે સમજાવી શકે છે . અને ત્રીજા એ પ્રકારના શિક્ષકો હોય છે કે જે પોતે સ્વયં જ્ઞાની હોય છે અને પોતાના વિદ્યાર્થીઓને પણ એ જ્ઞાન સરળતાથી પીરસી શકે છે . કાલિદાસને મતે આ ત્રણેય પ્રકારના શિક્ષકોમાંથી જે શિક્ષકો પોતે સ્વયં જ્ઞાની છે અને તે જ્ઞાન બીજાને સરળતાથી આપી શકે છે તે શિક્ષકો શ્રેષ્ઠ છે.

ગુજરાતી કવિ અને વિવેચક શ્રી પ્રવીણભાઇ દરજી પણ ત્રિસ્તરીય શિક્ષકવર્ગની વાત કરે છે . તેઓ આ ત્રણ સ્તરોની વાત શિક્ષકોની ગુણવત્તાને આધારે કરે છે . તેમના જ શબ્દોમાં આ ત્રિસ્તરીય શિક્ષકોને જાણીએ . પ્રથમ પ્રકારના શિક્ષકો વિશે તેઓ લખે છે કે , શિક્ષકોનો એકવર્ગ એવો છે કે, 'જે સજ્જ છે. પોતાના વિષયમાં નિપુણ છે. માત્ર શિક્ષક કે અધ્યાપક જ થવું છે એવા એકમાત્ર ધ્યેયથી તેણે આ કાર્ય સ્વીકાર્યું છે. અલબત, આવા શિક્ષકોની અધ્યાપકોની સંખ્યા જૂજ હોય છે . પણ હોય છે ખરી.' આવા કર્મઠ શિક્ષકોનું ગૌરવગાન કર્યા બાદ તેઓ શિક્ષકોના બીજાવર્ગને વિશે ચર્ચા કરે છે : ' શિક્ષક- અધ્યાપકનો એક બીજો વર્ગ છે . તેવાઓની સંખ્યા ઠીક-ઠીક મોટી છે. તેઓ ચબરાક છે. વિષયનું થોડું ઘણું જ્ઞાન તેઓ ધરાવે છે . કાંઇ કશું જ્યાં વાંચવા જ તૈયાર નથી ત્યારે થોડું ઘણું વાંચીને તેઓ શિક્ષક - અધ્યાપક તરીકે ટકી રહેવાનો પ્રયત્ન કરી રહ્યા છે . ત્યારે તેમને માટે માન થાય જ . વૃક્ષો જ નથી એવા દેશમાં એરંડાને પણ દ્રુમ કહેવું પડે . તો ભલે પણ આવા વર્ગે હવે શિક્ષણ પાછળની ભાવના સાથે લગભગ છૂટાછેડા લઇ લીધા છે . તેઓની પાસે વિષયનું જે જ્ઞાન છે, માહિતી છે, આવડત છે. તેનું એક વ્યવસાયમાં રૂપાંત્તર કરી નાખ્યું છે. પોતાને જે દ્રવ્ય મળે છે એટલાથી એને સંતોષ નથી. ગમે તેટલો પગાર વધારો કરો એનાથી તે ધરાતો નથી. એની નજર સમાજના ધનિકો તરફ છે.' શિક્ષણ જગતને માટે ભારરૂપ કહી શકાય તેવા શિક્ષકોના ત્રીજાવર્ગને

સમજાવતાં પ્રવીણભાઇ લખે છે કે, 'શિક્ષક- અધ્યાપકનો એક ત્રીજોવર્ગ છે. સંભવ છે કે બીજે કયાંય મેળ ન પડતાં અથવા તો ન ગોઠતાં તે શિક્ષક-અધ્યાપક થઇ ગયો છે . એની પાસે ઝાઝી આવડત નથી . માર્ગદર્શિકાઓ, જૂની નોટ્સ કે ઉપર છલ્લાં લખાણો લઇને તે વર્ગમાં પહોંચી જાય છે. છંદના એકધાર્યા આવર્તનોની જેમ તે છોકરાંઓને સમજ્યા -સમજાવ્યા વિના બધું લખાવતો જાય છે . વિદ્યાર્થી તાત્કાલિક પ્રશ્ન કરે તો તે ઉત્તર પણ ભાગ્યે જ આપી શકે છે. આવા શિક્ષક- અધ્યાપકોનું શિક્ષણએ ધ્યેય નહિં, પણ ધંધો છે.'

સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વે આધુનિકતાના રંગે રંગાઇ અર્થ ઉપાર્જન માટે આંધળી દોટ મુકી છે , ત્યારે તેમાંથી શિક્ષક - અધ્યાપક કઇ રીતે બાકાત રહી શકે ? આજે સરસ્વતીના ઉપાસક અધ્યાપકો પણ લક્ષ્મીની ઉપાસના કરવા લાગ્યા છે . જેના કારણે તેમનામાં પણ કર્તવ્યવિમુખતા, કાવાદાવા, પ્રપંચ, છળવૃત્તિનો આવિર્ભાવ થયો છે. શિક્ષકનો મૂળ ધર્મ અને મુખ્યકાર્ય ભૂલાતું જાય છે . આમ છતાં આજે પણ સમાજમાં શિક્ષકનું એક આગવું સ્થાન છે . જેની પાસે સમાજ કેટલીક અપેક્ષાઓ રાખે છે . તે શિક્ષક પર શ્રધ્ધા રાખી પોતાના કુમળા બાળકને શિક્ષકને સોપે છે . આજે સમાજ પોતાના બાળકના સંપૂર્ણ - સર્વાંગી વિકાસ માટે આદર્શ શિક્ષકની શોધમાં છે . આદર્શ શિક્ષક કેવો હોય ? તેનામાં કયા ગુણો હોવા જોઇએ ? સમાજની અપેક્ષાએ આદર્શ શિક્ષકમાં નીચે મુજબના ગુણો હોવા જરૂરી છે.

૧, બાળમાનસનો જાણકાર :- શિક્ષકે - અધ્યાપકે આખો દિવસ બાળકો સાથે કામ પાર પાડવાનું હોય છે . માટે તે કુદરતી રીતે જ બાળમાનસનો જાણકાર હોવો જોઇએ . આ કાબેલિયત કોઇ કોર્સ કરવાની કે ડિગ્રી હાંસલ કરવાથી નથી આવતી પણ કોઠાસૂઝથી જ આવે છે. આજે સૂચન એવું થાય છે . કે પ્રત્યેક શિક્ષકને ચાઇલ્ડ કાઉન્સેલિંગનો કોર્સ કરાવી લેવો જોઇએ . તેનાથી કોઇ જ અર્થ સરવાનો નથી. જ્યાં ચાઇલ્ડ કાઉન્સેલિંગનો કોર્સ કરવામાં આવે છે તે એસ .એન.ડિ.ટી.માં અને ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝમાં પણ વિદ્યાર્થીઓ આપઘાત કરે છે . તેમનું પણ કોઇ કાઉન્સેલિંગ કરતું નથી . હકીકતમાં આ આવડત કુદરતી રીતે હોય છે કૃત્રિમ રીતે તેનામાં આવતી નથી હોતી. જેનામાં આવી કુદરતી આવડત હોય તેને જ શિક્ષક બનવું જોઇએ.

૨, ચારિત્ર્યવાન :- આજે સ્કૂલો -કોલેજોમાં નૈતિક કેળવણી આપવી જોઇએ એવી બૂમ ખૂબ સંભળાય છે . આવી કેળવણી ટેક્સ બૂકો દ્વારા કે વર્ગખંડ દ્વારા ન આપી શકાય . શિક્ષક પોતે જો ચારિત્ર્યવાન હોય તો બાળકો ઉપર તેનો પ્રભાવ પડે છે અને શિક્ષકને જોઇને બાળકો પ્રેરણા પ્રાપ્ત કરે છે . શિક્ષકનું ચારિત્ર્ય જો ખરાબ હોય તો તે બાળકોને પુસ્તક વાંચીને મોરલ એજ્યુકેશન આપી શકે નહીં . ચારિત્ર્યનો અર્થ થાય છે સત્યવચની અને ઈમાનદાર . શિક્ષકની આંખોમાં જો કામવાસના છલકાતી હોય તો વિદ્યાર્થીઓ પણ તેનો શિકાર બને છે. શિક્ષક જો ક્રુર હોય તો તેની પાસે વિદ્યાર્થીઓની કોઇ સલામતી નથી.

૩, નિષ્ઠાવાન :- શિક્ષક-અધ્યાપક બાળમાનસનો જાણકાર હોય અને ચરિત્ર્યવાન હોય એટલે પૂરતું નથી . તેને પોતાને જે ફરજ સોંપવામાં આવી છે તે પ્રત્યે નિષ્ઠા હોવી જોઇએ અને આ ફરજનું શ્રેષ્ઠ પાલન કરવાની બાબતમાં તે સદાય પ્રયત્નશીલ હો વો જોઇએ. શિક્ષકની ફરજ વિદ્યાર્થીઓનું ભણતર , ઘડતર અને સંસ્કરણ કરવાની છે . આ માટે તેણે જરા પણ આળસ કે બેદરકારી રાખ્યા વિના જહેરાત કરવી જોઇએ.

૪, સંવેદનશીલ :- સારો શિક્ષક સંવેદનશીલ જ હોવો જોઇએ. જે માણસ બીજાના દુ:ખે દુ:ખી નથી થઇ શકતો તે સારો શિક્ષક બની શકે જ નહીં. શિક્ષકનું વર્તન બાળક સાથે હંમેશા આત્મીયતાપૂર્ણનું અને માયાળું હોવું જોઇએ . શિક્ષકનું વાત્સલ્ય જ વિદ્યાર્થીનું પ્રેરક તત્વ બને છે . શિક્ષક જો જડ , તુમાખીખોર અને મૂઢ હોય તો વિદ્યાર્થીઓ અને વાલીઓ હેરાન પરેશાન જ થઇ જાય છે . શિક્ષક જો

સંવેદનશીલ હોય તો કોઇ પણ બાળક કોઇ બાબતમાં મૂંઝવણ અનુભવનું હોય તેનો શિક્ષકને તરત ખ્યાલ આવી જાય છે . અને તે મૂંઝવણ દૂર કરવા પ્રયત્ન કરે છે. સંવેદનશીલ શિક્ષકો સિવાય કોઇ શાળા કે મહાશાળા આદર્શ શાળા બનતી નથી.

૫, વિષયમાં સાક્ષર :- શિક્ષક કે અધ્યાપક પોતાના વિષયમાં સાક્ષર હોવો જોઇએ . તેને પાતાના વિષયનું પૂરતું જ્ઞાન હોવું જોઇએ. ગુજરાતીમાં કહેવત છે કે કુવામાં હશે તો હવાડામાં આવશે . જો શિક્ષક પાસે જ્ઞાન હશે તો તે વિદ્યાર્થીને આપી શકશે . જો એક અભણ ખેડૂત પણ પોતાની ખેતી સંબંધી નવી શોધોથી સતત માહિતગાર રહેતો હોય છે તો શિક્ષકે પણ પોતાના ક્ષેત્ર માટે સતત જાગૃત રહી વિષયમાં નિપુણતા પ્રાપ્ત કરવી જાઇએ.

૬, સંશોધક :- સારો શિક્ષક-અધ્યાપક તેને કહેવાય , જે આખી જિંદગી વિદ્યાર્થી બની રહેવા તૈયાર હોય . જે વ્યકિત એમ માની લે કે તેની પાસે દુનિયાનું બધું જ્ઞાન આવી ગયું છે તે સારો શિક્ષક કદી ન બની શકે . જે શીખે છે તે શીખવી શકે છે. આજે દુનિયામાં દરરોજ પરિવર્તનો થાય છે. નવી શોધો થાય છે અને જૂની શોધો ખોટી સાબિત થાય છે . શિક્ષકનું વ્યકિતત્વ વહેતાં ઝરણાં જેવું હોવું જોઇએ . કોઇ પણ વિષયમાં નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની હંમેશા તૈયારી હોવી જોઇએ . શિક્ષક જે વિષયમાં નિષ્ણાત હોય તે વિષયમાં પણ તેણે પોતાની માહિતીને સતત અપડેટ કરતા રહેવું જોઇએ . માત્ર ટેક્સ્ટ બુકોના આધારે જ વિષયો ભણવવાને બદલે વિદ્યાર્થીઓને તેણે સાંપ્રત પ્રવાહોથી પણ માહિતગાર રાખવા જોઇએ . આ માટે તેણે છાપાં , મેગેઝિનો , નવાં પ્રગટ થતાં પુસ્તકો , ઈન્ટરનેટ વગેરેનો સતત અભ્યાસ કરવો જોઇએ.

૭, નિસ્પૃહી :- જે વ્યકિત પૈસાને પરમેશ્વર માનતી હોય તેણે ક્યારેય શિક્ષક -અધ્યાપક ન બનવું જોઇએ . તેણે વેપારી કે ઉદ્યોગપતિ બની જવું જોઇએ . શિક્ષક પૈસાનો લોભી ન હોય એ પાયાની શરત છે . શિક્ષકે પોતાની પાયાની જરૂરીયાતો સંતોષાઇ જાય એટલી જ અપેક્ષા સમાજ પાસે રાખવી જોઇએ . શિક્ષણકાર્ય એ તેના માટે એક મિશન હોવું જોઇએ દુકાન નહીં . જેને સંતોષ અને સાદગીપૂર્વક જીવન જીવવું હોય તેણે જ શિક્ષક બનવું જોઇએ . જેઓ વૈભવ અને વિલાસમુક્ત જીવન જીવવા માગતા હોય તેમણે શિક્ષકના વ્યવસાયમાં આવવું ન જોઇએ . શિક્ષકના ક્ષેત્રમાં અર્થની બોલબાલા અનેક અનર્થ પેદા કરે છે . સારો શિક્ષક કદી પૈસા પાછળ પાગલ ન હોય. પૈસાનો દાસ કદી સારો શિક્ષક બની શકતો નથી.

૮, નિર્વ્યસની :- શિક્ષકે હંમેશાં વ્યસનોથી દુર રહેવું જોઇએ . શિક્ષક માટે નાનામાં નાનું વ્યસન પણ યોગ્ય નથી . તે બીડી, તમાકું, સિગારેટ, ગુટકા, દારૂ , ડ્રગ્સ આદિ હાનિકારક વ્યસનોથી મુક્ત જ હોવો જોઇએ . શિક્ષક જો વર્ગખંડમાં કે સ્ટાફરૂમમાં પણ સિગારેટ પીતા હોય અથવા શરાબનું સેવન કરતા હોય તો તેવા શિક્ષકનો વિધ્યાર્થીઓ ઉપર કોઇ સારો પ્રભાવ પડતો નથી . શિક્ષકના ઉપદેશની વિદ્યાર્થીઓ ઉપર ત્યારે જ અસર થાય છે કે જ્યારે તેનું વર્તન પણ ઉપદેશને અનુરૂપ હોય .

૯, પ્રભાવશાળી :- શિક્ષકનું બાહ્ય વ્યક્તિત્વ પણ પ્રભાવશાળી અને ઠસ્સાદાર હોવું જોઇએ . જેને જોઇને જ ખબર પડી જાય કે આ શિક્ષક છે . શિક્ષકના વ્યક્તિત્વમાં શાલીનતા હોવી જોઇએ . તેનો પહેરવેશ, તેની રહેણી-કરણી શિક્ષકની ગરીમાને જાળવે તેવી હોવી જોઇએ.

૧૦, આસ્થાવાન :- જે શિક્ષક-અધ્યાપક ઈશ્વરમાં અને અધ્યાત્મમાં શ્રદ્ધા ધરાવતો હોય , સંતો પ્રત્યે બહુમાન ધરાવતો હોય અને ધર્મગ્રંથો માટે સદ્ભાવ ધરાવતો હોય તે સારો શિક્ષક બની શકે છે . શિક્ષક કોઇ પણ ધર્મ ભલે પાળતો હોય , પણ તેને આત્મા ,

પરમાત્મા, પરલોક , કર્મ વગેરે તત્વોમાં શ્રદ્ધા હોવી જોઈએ. ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનાર શિક્ષક ચારિત્ર્યવાન અને નિષ્ઠાવાન જ હોય છે . તે શ્રધ્ધાવાન હોય તે જરૂરી છે પણ અંધશ્રધ્ધાળું ન હોવો જોઈએ.

૧૧, સત્યાગ્રહી :- પોતાની શાળા કે કોલેજમાં કોઈપણ પ્રકારની ઘટના , બનાવ બને ત્યારે આદર્શ શિક્ષક હંમેંશાં સત્યના પક્ષે ઉભો રહેતો હોય છે . તે પક્ષાપક્ષીથી દૂર રહી સત્યનો હંમેશાં આગ્રહ રાખતો હોવો જાઈએ . તેના આ પ્રકારના વર્તનની સારી છાપ વિદ્યાર્થીઓ ઉપર પડતી હોય છે. જે આદર્શ નાગરિકના નિર્માણ માટે જરૂરી છે.

૧૨, મૃદુભાષી અને સ્પષ્ટ વકતા :- શિક્ષકની ભાષા પણ મૃદુ અને સંસ્કારી હોવી જોઈએ . તેની બોડી લેંગ્વેજમાં ગરિમા અને વ્યક્તિત્વમાં ગંભીરતા હોવી જોઈએ. તે સ્પષ્ટ વકતા હોવો જોઈએ. તેના કેન્દ્રમાં હંમેશાં વિદ્યાર્થી અને શિક્ષણ હોવું જોઈએ . કયારેક કડવું સત્ય પણ બોલવાની જરૂરિયાત ઊભી થાય તો સ્પષ્ટ વકતાની ભૂમિકા ભજવતાં તેને આવડવી જોઈએ.

સારા શિક્ષક માટેનાં આ લક્ષણો છે. આ પૈકી એકાદ લક્ષણનો પણ જેનામાં અભાવ હોય તેને શિક્ષક બનાવાય નહીં . અને તેવા વ્યકિતએ શિક્ષક બનવું પણ ન જોઈએ. આ મિનિમમ ક્વોલિફિકેશન છે. જેનામાં આ લક્ષણો ન હોય તેવા શિક્ષકો વિદ્યાર્થીઓનું અહિત જ કરે છે. આદર્શ શિક્ષકની ભૂમિકામાં આ લક્ષણો તો ખરા જ પરંતું આ ઉપરાંત તેનામાં આત્મવિશ્વાસ , શિક્ષણ અને વિદ્યાર્થીઓ માટે શ્રધ્ધા, નિડરતા, કર્તવ્યપરાયણતા, સમયબધ્ધતા, સરળ અને સ્પષ્ટ રીતે વિદ્યાર્થીને વિષયની સમજ આપવાની ક્ષમતા , જ્ઞાનપીપાસા, નીતિમત્તા, દયા-કરુણા, સદ્ આચાર અને વિચાર , સંસ્થા, સમાજ અને શિક્ષણ પ્રત્યે વફાદારી વગેરે ગુણો પણ આવશ્યક છે . તે વિદ્યાર્થીના જીવન ઘડતરનો શીલ્પી છે. તે ઈચ્છે તો વિદ્યાર્થીના જીવનને તેજોમય બનાવી શકે છે. વ્યકિત નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં શિક્ષકનું અતિ મહત્વનું યોગદાન છે. એટલે જ કોઈકે સાચું જ કહ્યું છે કે ભારતનું ભાવિ તેના વર્ગ ખંડોમાં ઘડાઈ રહ્યું છે . આજે સમાજની શિક્ષક પાસે મોટી અપેક્ષા છે. શિક્ષક જો પુરી નિષ્ઠાથી પોતાની કર્તવ્યપરાયણતાને સમજી શિક્ષણ કાર્ય કરે તો તે પોતાના વર્ગ ને સ્વર્ગ અને ભારતને વિશ્વગુરુ બનાવી શકે છે.

સંદર્ભ સાહિત્ય સૂચિ :-

૧, શિક્ષા એવં વિદ્યા - શ્રી રામ શર્મા આચાર્ય

૨, શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ - ડૉ.મોહનભાઈ પંચાલ, ડૉ.આરતીબહેન કસ્વેકર

૩, શિક્ષણની સાથે સાથે - પ્રવીણ દરજી

૪, પ્લેટો કા શિક્ષા દર્શન - સુભાષિણી સિન્હા

૫, વિકસતાં ભારતમાં શિક્ષણ અને શિક્ષક -ડૉ. મોતીલાલ મ.પટેલ અને અન્ય

૬, કાલિદાસ કૃત માલવિકાગ્નિમિત્રમ્ - સંપાદક પ્રિ.ડૉ.હેમરાજભાઈ પટેલ અને

અન્ય સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

૭, શિક્ષણ-વિચાર - વિનોબા